પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૭ | ૨૭ ઓક્ટોબર, ૨૦૨૧, બુધવાર; આસો વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશના વધુ ૧૩ એરપોર્ટનું ખાનગીકરણ થશે

**સરકાર ખાનગીકરણ વ્યાપક બનાવશે : વારાણસી, કુશીનગર, ગયા, અમૃતસર કાંગડા, ભુવનેશ્વર, તિરુપતિ, રાયુપર વગેરેનો સમાવેશ કરાયો**

નવી દિલ્હી , તા.૨૬

એર ઈન્ડિયાનો સોદો કર્યા બાદ સરકાર વધુ ૧૩ એરપોર્ટનુ ખાનગીકરણ આગામી માર્ચ મહિના સુધીમાં કરવા માંગે છે. આ એરપોર્ટનુ સંચાલન હાલમાં સરકારની એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કરે છે. એક અંગ્રેજી અખબારના રિપોર્ટ પ્રમાણે નાગરિક ઉડ્યન વિભાગને ૧૩ એરપોર્ટનુ લિસ્ટ મોકલવામાં આવ્યુ છે. જેના માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના આધારે બોલી લગાવવામાં આવશે. આ કામગીરી માર્ચ મહિના સુધી પૂરી કરવાનુ ટાર્ગેટ છે. અખબારે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન સંજીવ કુમારને ટાંકીને કહ્યુ છે કે, પર પેસેન્જર રેવેન્યૂ મોડેલ પ્રમાણે બોલી લગાવવામાં આવશે. આ મોડેલ પહેલા પણ સફળ થયેલુ છે. એરપોર્ટ ૫૦ વર્ષ માટે આપવાની ઓફર કરવામાં આવશે. જે એરપોર્ટનુ ખાનગીકરણ કરવાનુ છે તેમાં વારાણસી, કુશીનગર, ગયા, અમૃતસર કાંગડા, ભુવનેશ્વર, તિરુપતિ, રાયુપર, ઔરંગાબાદ, ઈન્દોર, જબલપુર, ત્રિચી, હુબલીનો સમાવેશ થાય છે. સરકારની યોજના આગામી ચાર વર્ષમાં ૨૫ એરપોર્ટનુ ખાનગીકરણ કરવાની છે. જેમાં આ ૧૩ એરપોર્ટ પણ સામેલ છે. આ પહેલા ૨૦૧૯માં ૬ એરપોર્ટને ખાનગીકરણના ભાગરૂપે અદાણી ગ્રુપને આપવામાં આવ્યા છે. ૨૦૦૫-૬માં દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, હૈદ્રાબાદ એરપોર્ટને પણ આ રીતે પ્રાઈવેટ કંપનીઓને અપાયા હતા. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની કમાણીને કોરોનાકાળમાં ઝાટકો લાગ્યો છે. ૨૦૨૧માં તેને ૧૯૬૨ કરોડ રૂપિયાનો લોસ ગયો છે. કર્મચારીઓના પગાર સહિતની જરૂરિયાતો પૂરી કરવા માટે તેને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ૧૫૦૦ કરોડ રૂપિયા ઉધાર લેવા પડ્યા છે.

## ડ્રગ્સ કેસમાં આર્યન ખાનના જામીન પર આજે સુનાવણી

**મુંબઈ હાઈકોર્ટમાં આર્યનના વકીલની અભિનેતાના પુત્રના બચાવમાં ધારદાર દલિલો, કોર્ટની અંદર બહાર ભીડ**



મુંબઈ , તા.૨૬

બોમ્બે હાઈકોર્ટમાં આર્યન ખાનની જામીન અરજી પર સુનાવણી લાંબી રાહ જોયા બાદ સાંજે ૪.૨૧ કલાકે સુનાવણી શરૂ થઈ હતી. આર્યન ખાન તરફથી પૂર્વ એટર્ની જનરલ મુકુલ રોહતગી હાજર થઈ રહ્યા હતા. જસ્ટિસ નીતિન સાંબ્રેની કોર્ટમાં એનસીબીના વકીલ એએસજી અનિલ પણ હાજર હતા. રોહતગીએ પોતાની દલીલમાં આર્યનની ધરપકડને ગેરકાયદેસર ગણાવી છે. વોટ્સએપ ચેટ્સનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આ જૂની ચેટ્સ છે, તેમને ક્રૂઝ કેસ સાથે કોઈ લેવાદેવા નથી.

● અનુસંધાન પાન-૭ પર

## આર્યન અને અનન્યા વચ્ચે ગાંજા અંગેની ચેટ ચર્ચાસ્પદ બની

**ક્રૂઝ ડ્રગ્સ કેસમાં રોજે રોજ નવા ખુલાસા : એનસીબીના સૂત્રો પ્રમાણે એક ચેટ આર્યનના વોટ્સએપ ડ્રગ ગ્રુપની છે, જેમાં આર્યન કહે છે કે લેટ્સ ડૂ કોકેઈન**

નવી દિલ્હી, તા.૨૬

શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાન, અરબાઝ મર્ચેન્ટ અને મુનમુન ધામેચાની જામીન અરજી ૨૦ ઓક્ટોબરના નકારી દેવામાં આવી હતી. બોમ્બે હાઈકોર્ટમાં જામીન અરજી પર આજે સુનાવણી થશે. આરોપી હાલ આર્થર રોડ જેલમાં બંધ છે. હાઈપ્રોફાઈલ રેવ પાર્ટી ડ્રગ્સ મામલામાં ત્રણની ધરપકડ થઈ છે. આ મામલે સતત તપાસ અને કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મામલામાં વોટ્સએપ ચેટ સામે આવી છે, જેમાં અનન્યા પાંડે વિશે વાત કરવામાં આવી રહી છે. તેમાં કેટલીક ચેટ્સ એક ચેનલને હાથ લાગી છે. તેમાં આર્યન ખાનના ડ્રગ્સ ગ્રુપની વોટ્સએપ ચેટ પણ સામેલ છે. એનસીબીના સૂત્રો પ્રમાણે આ સેલિબ્રિટીના બાળકોને ડ્રગ્સના કેટલાક ખાસ ડ્રગ પેડલર અને સપ્લાયર પહોંચાડતા હતા અને તેના દ્વારા ડ્રગ પેડલર બોલિવૂડમાં પોતાનું નેટવર્ક આગળ વધારવા ઈચ્છતા હતા. ત્રીજી ચેટ ૧૮ માર્ચ ૨૦૨૧ની છે. એનસીબીના સૂત્રો પ્રમાણે આ ચેટ આર્યન ખાનના વોટ્સએપ ડ્રગ ગ્રુપની છે, જેમાં આર્યન ખાન કહે છે કે લેટ્સ ડૂ કોકેઈન. આ સિવાય ગ્રુપમાં આર્યન ખાન કહે છે કે, હું તમને લોકોને એનસીબીથી પકડાવીશ.

### ૬ જુલાઈ ૨૦૧૯ની ચેટ

પ્રથમ ચેટ ૬ જુલાઈ ૨૦૧૯ની છે. આ ચેટ અનન્યા પાંડે અને આર્યન ખાન વચ્ચે છે.

**આર્યન-** વીડ

**અનન્યા-** આ ડિમાન્ડમાં છે

**આર્યન-** હું તારી પાસે સીક્રેટ રીતે લઈશ

**અનન્યા-** બરાબર છે.

બીજી ચેટમાં થયા ખુલાસા : બીજી ચેટ પણ ૬ જુલાઈ ૨૦૧૯ની છે. આ ચેટ પણ અનન્યા પાંડે અને આર્યન ખાન વચ્ચેની છે.

**અનન્યા-** હવે હું આ બિઝનેસમાં છું

**આર્યન-** તે વીડ ખરીદી

**આર્યન-** અનન્યા

**અનન્યા-** હું ખરીદી રહી છું.

● અનુસંધાન પાન-૭ પર

## દાઉદના નામ સાથે મારે કોઈ સંબંધ નથી : જ્ઞાનદેવ વાનખેડે

**સમીર વાનખેડેના પિતાનો નવાબ મલિકને જવાબ : જન્મથી અને કોલેજ તેમજ લિવિંગ સર્ટિફિકેટમાં પણ નામ જ્ઞાનદેવ છે અને હજી પણ તે જ હોવાની સ્પષ્ટતા**



મુંબઈ, તા.૨૬

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોના (એનસીબી) ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેના પિતાએ મહારાષ્ટ્રના મંત્રી નવાબ મલિકને વળતો જવાબ આપ્યો હતો, જેમણે વાનખેડેના બર્થ સર્ટિફિકેટ સહિતના ડોક્યુમેન્ટ્સ નકલી હોવાનો દાવો કર્યો હતો. સોમવારે નવાબ મલિકે તેવો પણ દાવો કર્યો હતો કે, સમીર વાનખેડે જન્મથી મુસ્લિમ છે અને તેથી તેમનું અસલી નામ 'સમીર દાઉદ વાનખેડે' છે. નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના નેતા નવાબ મલિક છેલ્લા ઘણા સમયથી ૨ ઓક્ટોબરે મુંબઈથી ગોવા જઈ રહેલા ક્રૂઝમાં દરોડા પાડીને ડ્રગ્સ જપ્ત કરનારા સમીર વાનખેડે પર શાબ્દિક હુમલો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, મુંબઈ ક્રૂઝ ડ્રગ્સ કેસમાં

● અનુસંધાન પાન-૭ પર

## બજરંગ દળના નેતા સહિત ૪૦ સામે ફરિયાદ

નવી દિલ્હી , તા.૨૬

વેબસિરિઝ આશ્રમ-૩ના સેટ પર તોડફોડ થયા બાદ પોલીસ એક્શનમાં આવી છે. આ મામલામાં પોલીસે બજરંગ દળના નેતા સુશીલ સુદેલ તેમજ બીજા ૩૯ લોકો સામે ફરિયાદ નોંધી છે. મળતી વિગતો પ્રમાણે રવિવારે બજરંગદળના કથિત કાર્યકરો જ્યાં શૂટિંગ થઈ રહ્યુ હતુ ત્યાં ઘૂસી ગયા હતા અને ફિલ્મ નિર્માતા પ્રકાશ ઝા દ્વારા નિર્દેશિત વેબ સિરિઝ આશ્રમના સેટ પર તોડફોડ કરી હતી. પ્રકાશ ઝાના ચહેરા પર શાહી ફેંકવામાં આવી હતી. જોકે તેમણે કોઈ ફરિયાદ નહીં કરવાનો નિર્ણય લીધો હતો. પોલીસનુ કહેવુ છે કે, અમે જાતે જ કાર્યવાહી કરવાનુ નક્કી કરીને ૪૦ લોકો સામે ફરિયાદ નોંધી છે અને ચાર લોકોની પહેલા જ ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ બજરંગદળ નેતા સુદેલે કહ્યુ છે કે, હું કાર્યવાહી માટે તૈયાર છું. વેબ સિરિઝ આશ્રમ બનાવવા પાછળના ઈરાદાઓને લઈને કાર્યકરોમાં આક્રોશ છે. અમે ઈચ્છીએ છે કે, આ સિરિઝનુ નામ બદલવામાં આવે. કારણકે તેનાથી અમારી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી છે.

## ગૃહમંત્રી અમિત શાહ રાત્રે CRPF કેમ્પમાં રોકાયા

**અમિત શાહે જવાનો સાથે કર્યુ ભોજન – શાહે ટ્વીટ કરીને જાણકારી આપી અને કહ્યું કે અર્ધસૈનિક દળોના જવાનો સાથે સમય વીતાવવા માંગતો હતો**

શ્રીનગર,તા.૨૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ જમ્મુ અને કાશ્મીરના



પ્રવાસના ત્રીજા અને છેલ્લા દિવસે સોમવારે પુલવામામાં કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ કેમ્પની મુલાકાત લીધી. અમિત શાહ ગત રાતે સીઆરપીએફના કેમ્પમાં જ રોકાયા અને જવાનો સાથે ભોજન કર્યુ. તેમણે ટ્વીટ કરીને આ જાણકારી આપી અને કહ્યું કે અર્ધસૈનિક દળોના જવાનો સાથે સમય વીતાવવા માંગતો હતો. તેમને મળીને તેમના અનુભવ અને મુશ્કેલીઓને જાણી અને તેમના જુસ્સાને જોવા માંગતો હતો. અમિત શાહની સાથે જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હા પણ સીઆરપીએફ કેમ્પ પહોંચ્યા હતા. પુલવામા પહોંચ્યા બાદ અમિત શાહે કાશ્મીરમાં આતંકવાદ અને પથ્થરબાજીની ઘટનાઓ પર પોતાનો મત રજુ કર્યો. તેમણે કહ્યું કે આતંકવાદ વિરુદ્ધ મોદી સરકારની ઝીરો ટોલરેન્સ નીતિ છે અને નાગરિકોને બચાવવા અમારી પ્રાથમિકતા છે. આ સાથે જ તેમણે કહ્યું કે પહેલા કાશ્મીરમાં પથ્થરમારાના ઘટનાઓ સામે આવતી હતી, આજે જો કે સ્થિતિ અલગ છે. તેમણે કહ્યું કે પથ્થરમારાની ઘટનાઓમાં ઘટાડો થયો છે. આવી ઘટનાઓ માનવતા વિરુદ્ધ છે અને આપણે તે સહન કરી શકીએ નહીં. અમિત શાહે કહ્યું કે ૨૦૧૪થી ૨૦૨૧ દરમિયાન આતંકી હુમલાઓમાં મોત અને જવાનોની શહાદતમાં કમી આવી છે. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચે આતંકી ઘટનાઓમાં ૨૦૮ નાગરિકો માર્યા ગયા હતા. જ્યારે ૨૦૧૪થી ૨૦૨૧ વચ્ચે આ આંકડામાં ઘટાડો થયો છે. આ દરમિયાન વાર્ષિક ૬૦ જવાનો શહીદ થયા અને નાગરિકોની સંખ્યા ફક્ત ૩૦ રહી ગઈ. શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ. જવાનોના સર્વોચ્ચ બલિદાનને આપણે ભૂલી શકીએ નહીં. તેમણે કહ્યું કે જો શાંતિ હોય, સુરક્ષા હોય અને વિકાસ માટે નક્કી કરી લીધુ હોય તો શું થઈ શકે તે જમ્મુ અને કાશ્મીરે દેખાડી દીધુ છે.

## દેશની કોર્ટોમાં સાડા ચાર કરોડ કેસ પેન્ડીંગ પડ્યા છે

નવી દિલ્હી , તા.૨૬

જજોની નિયુક્તિને લઈને હાલમાં સુપ્રીમ કોર્ટ અને સરકાર વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. બીજી તરફ જજોની ઘણી પોસ્ટો ખાલી હોવાથી દેશમાં પેન્ડિંગ કેસની સંખ્યા વધી રહી છે. એક અંદાજ પ્રમાણે દેશમાં હાલમાં સાડા ચાર કરોડ કેસ પેન્ડિંગ છે અને તેની સુનાવણી માટે જજોની સંખ્યા વધારવી જરૂરી છે. પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચના કહેવા પ્રમાણે દેશની કોર્ટોમાં જે મામલા પેન્ડિંગ છે તેમાં નીચલી કોર્ટોમાં ૮૭ ટકા અને ઉપલી કોર્ટોમાં ૧૨ ટકા કેસ છે. સુપ્રીમ કોર્ટની વાત કરવામાં આવે તો અહીંયા ૭૦૦૦૦ કેસ હજી પેન્ડિંગ છે. આ સંશોધન પ્રમાણે દેશમાં ૨૦૧૦થી ૨૦૨૦ વચ્ચે પેન્ડિંગ કેસમાં વાર્ષિક ૨.૮ ટકાના દરે વધારો થયો છે. જો નવો કોઈ કેસ દાખલ ના થાય તેવુ માની લેવામાં આવે તો પણ સુપ્રીમ કોર્ટના હાલના પેન્ડિંગ કેસ પતાવતા ૧.૩ વર્ષનો સમય લાગે તેમ છે. જ્યારે બીજી કોર્ટોને ૩-૩ વર્ષનો સમય લાગે તેમ છે. જોકે પેન્ડિંગ કેસમાં વધારાનુ એક કારણ એ પણ છે કે, કોરોનાના કારણે લાંબા સમય સુધી કોર્ટો બંધ રહી છે. ૨૦૧૦ થી ૨૦૨૦ના સમયગાળા વચ્ચે માત્ર ચાર રાજ્યોની કોર્ટ એવી રહી છે જેમાં પેન્ડિંગ કેસની સંખ્યામાં ઘટાડો થયો છે. જેમાં અલ્હાબાદ, કોલકાતા, ઓરિસ્સા અને જમ્મુ કાશ્મીરનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

**ફ્લેટ વેચવાનો છે**


સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.

૩૨ લાખ ફીક્સ

શૈલેષભાઈ મહેતા

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

## પ્રાર્થના સભા



અમારા વંદનીય મોટાભાઈ ઠાકોર સાહેબશ્રી બામણોજ

**સ્વ. ડૉ. જસવંતસિંહજી ભુરસિંહજી રાઠોડ નું**

૨૨/૧૦/૨૦૨૧ ને શુક્રવારના રોજ નિધન થયેલ છે.

સુતક / બેસણું

મુ.પો. હડાદ તા. દાંતા જિ. બનાસકાંઠા તા. ૨૮/૧૦/૨૦૨૧ ને ગુરૂવારે (વતનમાં)

શ્રદ્ધાંજલી સભા

તા. ૨૯/૧૦/૨૦૨૧ ને શુક્રવાર, સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે

શ્રી ઉમીયા માતાજી સંસ્થાન હોલ, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર.

ફો. ૯૪૨૯૩ ૦૬૪૫૧, ૯૮૭૯૫ ૨૦૩૮૮

લી.

રાઠોડ જીતેન્દ્રસિંહ ભુરસિંહજી
રાઠોડ હરિસિંહ ભુરસિંહજી
રાઠોડ પ્રેમસિંહ લક્ષ્મણસિંહજી
રાઠોડ રણવીરસિંહ સુમેરસિંહજી
રાઠોડ અભયસિંહ લક્ષ્મણસિંહજી
રાઠોડ હિતેન્દ્રસિંહ સુમેરસિંહજી
રાઠોડ રાજેન્દ્રસિંહ લક્ષ્મણસિંહજી
રાઠોડ ધર્મેન્દ્રસિંહજી કલ્યાણસિંહજી
રાઠોડ હરિશચંદ્રસિંહ જીતેન્દ્રસિંહ
સ્વ. રાઠોડ કર્ણવીરસિંહજી હરિસિંહજી
ચૂંડાવત જયદેવીબા ગજેન્દ્રસિંહ
ભાટી જયરાજબા રાજેન્દ્રસિંહ
ચૌહાણ વનરાજબા પ્રદ્યુમનસિંહ

ગં.સ્વ. હંસાબા જસંવતસિંહજી રાઠોડ

સ્વ. ભુરસિંહજી દલપતસિંહજી રાઠોડ તથા સમસ્ત પરિવાર